ના.: 21517

ક્રમાંક: પગર-૧૦૨૦૨૦-ઓ-૧૦-મ
ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
ફેક્સ નં-૨૩૨ ૫૦૬૦૫
શાખા ટે.નં-૨૩૨૫૦૬૮૦
સચિવાલય, ગાંધીનગર
તા.

પ્રતિ,
**અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી,**
**.........શિ.સ.ર.ના................ વિભાગ,**
સચિવાલય, ગાંધીનગર

**વિષય:**- બનાવટી સરકારી ઠરાવના આધારે મહિલા કર્મચારીઓને નિયમો વિરુધ્ધ ઉચ્ચતર પગાર ધોરણનો આપેલ લાભ રદ કરવા બાબત.

**શ્રીમાન,**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનુ કે, ઉચ્ચતર પગાર ધોરણની યોજના હેઠળ ઉચ્ચતર પગાર ધોરણ મેળવનાર કર્મચારી તેને મળેલ બઢતીનો અસ્વીકાર કરે તો ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મળવાપાત્ર થતો નથી તેમજ કર્મચારી ઉચ્ચતર પગાર ધોરણ મેળવ્યા બાદ બઢતીનો અસ્વીકાર કરે તો મેળવેલ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ પરત કરવાનો થાય છે.

ઉકત જોગવાઈ સંબંધમાં જણાવવાનુ કે આ વિભાગના ધ્યાન પર આવ્યુ છે કે, નોકરીના સમયગાળા દરમ્યાન એક વખત બઢતીનો અસ્વીકાર કરેલ હોય તો પણ મહિલા કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર/ચાલુ રહે છે તેવા તા.૨૧/૦૮/૨૦૦૮ના બનાવટી ઠરાવ રજુ કરીને આધારે કેટલાક મહિલા કર્મચારીઓએ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મેળવેલ/ચાલુ રાખેલ છે. ઉક્ત કાર્યવાહી ઉચ્ચતર પગાર ધોરણની યોજનાના નિયમો વિરુધ્ધ છે. આથી આ બાબતે આપના વિભાગ તથા વિભાગ હસ્તકની કચેરીઓમાં આવા ખોટી રીતે મેળવેલ ઉચ્ચતર પગાર

ધોરણના તમામ કેસોમાં ઉક્ત લાભો રદ કરવા તથા વસુલાત કરવા, તેમજ તે બાબતે જરૂર જણાયે પોલીસ ફરીયાદ દાખલ કરવા પણ આજ્ઞાનુસાર જણાવવામાં આવે છે. વધુમાં આ અંગેની સૂચનાઓ આપના વિભાગ હસ્તકની તમામ કચેરીઓને પરિપત્રિત કરવા આજ્ઞાનુસાર વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(શૈલેષ વિ.પરમાર)
નાયબ સચિવ
નાણા વિભાગ

ક્રમાંક: પરચ-૧૩૨૦૨૦/ ૨૩૯ /વ.૨
શિક્ષણ વિભાગ
સચિવાલય,ગાંધીનગર
તા. ૧૭ / ૦૭ /૨૦૨૦

નકલ જાણ અને જરૂરી કાર્યવાહી સારૂ રવાના
પ્રતિ,
- શિક્ષણ વિભાગ હસ્તકના સર્વે ખાતાના વડાઓ તરફ જરૂરી કાર્યવાહી સારૂ રવાના

આપનો વિશ્વાસુ

સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

ક્રમાંક:પ્રાશિનિ/ક-નીતિ/21517/2020/4547-99
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.12/1 ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર તા. 28/07/2020

નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

નાણા વિભાગના ઉક્ત પત્રથી આપવામાં આવેલ સૂચના મુજબ આપના જિલ્લા/નગર શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતાં મહિલા કર્મચારીઓ જેમને બઢતીનો લાભ આપવામાં આવેલ છે તેમના કિસ્સામાં આ સાથેના નિયત નમૂનામાં દિન-30 માં વિગતો રજૂ કરવાની રહેશે.

(એમ. કે. રાવલ)
નાયબ શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

| બનાવટી સરકારી ઠરાવના આધારે મહિલા કર્મચારીઓને નિયમો વિરુધ્ધ ઉચ્ચતર પગાર ધોરણનો આપેલ લાભ રદ કરવાની વિગતો | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | મહિલા કર્મચારીનું નામ | નિમણૂંક સમયનો હોદ્દો | નિમણૂંક તારીખ | નિમણૂંક સમયની શાળાનું નામ | પ્રથમ ઉ.પ.ધો. મંજુર તારીખ | બઢતીના હુકમ નંબર/તારીખ | બઢતીનો સ્વીકાર કરેલ છે? હા/ના | હાલ બઢતી વાળા હોદ્દા પર ફરજ બજાવી રહેલ છે? હા/ના | હાલની શાળાનું નામ/સરનામું |
| | | | | | | | | | |
| | | | | | | | | | |

DPEO/AO સહી-સિક્કો

નોંધ:- માહિતી શૂન્ય હોય ત્યાં શૂન્ય માહિતી પણ મોકલી આપવાની રહેશે.